# પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો મુખ્ય શિક્ષકોનાં સંચાલકીય કૌશલો, કાર્યસંતોષ અને તણાવનાં સંદર્ભમાં અભ્યાસ

# A STUDY OF QUALITY OF EDUCATION IN CONTEXT OF MANAGERIAL SKILLS, JOB SATISFACTION AND STRESS OF HEAD TEACHERS OF PRIMARY SCHOOLS


**સંશોધક**
**રાઠોડ અરવિંદ એન.**
**UID NO.P101000005**
**(M.Sc., M.Ed., M.Phil., GSET)**
**ચિલ્ડ્રન્સયુનિવર્સિટી,**
**ગાંધીનગર**

**માર્ગદર્શકશ્રી**
**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
**આસીસ્ટન્ટ પ્રોફેસર,**
**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,**
**ગાંધીનગર**


## ૧.૦ પ્રાસ્તાવિક :

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતાં સંશોધનો શિક્ષણના ક્ષેત્રમાં કંઈકને કંઈક નવું પ્રદાન કરતા હોય છે . આવા સંશોધનો વડે સમૃદ્ધ બનતું શિક્ષણ વધુને વધુ સમાજ ઉપયોગી બને તેવા પ્રયત્નો કરવામાં આવે છે . સંશોધન દરમિયાન ક્રમશઃ વિવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડે અને તેના અંતે ઉકેલ કે તારણો પ્રાપ્ત થાય છે . આ તારણોને આધારે મળતા નિષ્કર્ષરૂપે નવી ક્ષિતિજો તરફના પ્રયાણની શક્યતાઓ વધે છે . તેથી સંશોધનના અંતે તારણો તારવવા અનિવાર્ય બની રહે છે . આ તારણોના આધારે સમસ્યા ઉકેલ માટે પ્રયત્નો કરવાની અને ધ્યાન દોરવાની પ્રેરણા મળે છે . પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સમગ્ર અભ્યાસનો સારાંશ રજૂ કર્યો છે . ત્યારબાદ અભ્યાસ દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનના આધારે અભ્યાસના પરિણામો રજૂ કર્યા છે . આ પરિણામ પરથી તારવેલ તા ર ણો , શૈક્ષણિક ફલિતાર્થો અને અભ્યાસના વિષયને સ્પર્શતા વિવિધ કાર્યકર્તાઓ સંબંધિત કેટલીક ભલામણો કરવામાં આવી છે . પ્રકરણના અંતમાં ભાવિ સંશોધન અંગેની ભલામણો રજૂ કરવામાં આવી છે .

## ૧.૧ સમસ્યા કથન :

**પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનો મુખ્ય શિક્ષકોનાં સંચાલકીય કૌશલો, કાર્યસંતોષ અને તણાવનાં સંદર્ભમાં અભ્યાસ**

A STUDY OF QUALITY OF EDUCATION IN CONTEXT OF MANAGERIAL SKILLS, JOB SATISFACTION AND STRESS OF HEAD TEACHERS OF PRIMARY SCHOOLS

## ૧.૨ અભ્યાસના હેતુઓ :

1. મુખ્યશિક્ષકો માટેની શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિની રચના કરવી.
2. શિક્ષકો માટેની શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિની રચના કરવી.
3. વાલીઓ માટેની શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિની રચના કરવી.
4. મુખ્યશિક્ષકો માટેના સંચાલકીય કૌશલ્ય માપદંડની રચના કરવી.
5. મુખ્યશિક્ષકો માટેના કાર્યસંતોષ માપદંડની રચના કરવી.

6. મુખ્યશિક્ષકો માટેના તણાવ માપદંડની રચના કરવી.
7. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના સંચાલકીય કૌશલોનાં સંદર્ભે કરવો.
8. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશેના મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના સંચાલકીય કૌશલો અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
9. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલોનાં સંદર્ભે કરવો.
10. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલો અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
11. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે વાલીઓનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલોનાં સંદર્ભે કરવો.
12. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના કાર્યસંતોષનાં સંદર્ભે કરવો.
13. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશેના મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના કાર્યસંતોષ અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
14. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનાં સંદર્ભે કરવો.
15. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના કાર્યસંતોષ અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
16. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે વાલીઓનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના કાર્યસંતોષનાં સંદર્ભે કરવો.
17. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના તણાવનાં સંદર્ભે કરવો.
18. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશેના મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમના તણાવ અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
19. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના તણાવનાં સંદર્ભે કરવો.
20. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના તણાવ અને જાતિયતાનાં સંદર્ભે કરવો.
21. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે વાલીઓનાં અભિપ્રાયોનો અભ્યાસ મુખ્યશિક્ષકોના તણાવનાં સંદર્ભે કરવો.
22. પ્રાથમિક શાળાઓની ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ જાતિયતાના સંદર્ભે કરવો.

23. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ જાતિયતાના સંદર્ભે કરવો.
24. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે વાલીઓનાં અભિપ્રાયોનો અભ્યાસ જાતિયતાના સંદર્ભે કરવો.
25. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ વિસ્તારના સંદર્ભે કરવો.
26. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ વિસ્તારના સંદર્ભે કરવો.
27. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે વાલીઓનાં અભિપ્રાયોનો અભ્યાસ વિસ્તારના સંદર્ભે કરવો.
28. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ શૈક્ષણિક અનુભવના સંદર્ભે કરવો.
29. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ શૈક્ષણિક અનુભવના સંદર્ભે કરવો.
30. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ શૈક્ષણિક લાયકાતના સંદર્ભે કરવો.
31. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે શિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ શૈક્ષણિક લાયકાતના સંદર્ભે કરવો.
32. પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તા વિશે મુખ્યશિક્ષકોનાં અભિપ્રાયોનો અભ્યાસ તેમની ભરતીના પ્રકારના સંદર્ભે કરવો.

**૧.૩ અભ્યાસના પ્રશ્નો** :

1. શાળા કક્ષાએ શાળાકીય ગુણવત્તા અંગેના પાસાં કયાં કયાં હોઈ શકે ?
2. શાળાકીય ગુણવત્તાના માપન માટેના માપદંડનું સ્વરૂપ કેવું હોઈ શકે?
3. શાળા કક્ષાએ કાર્ય કરતા મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલોના માપન માટેના ઉપકરણના ઘટકો અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?
4. શાળા કક્ષાએ કાર્ય કરતા મુખ્યશિક્ષકોના કાર્યસંતોષના માપન માટેના ઉપકરણના ઘટકો અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?
5. શાળા કક્ષાએ કાર્ય કરતા મુખ્યશિક્ષકોના તણાવના માપન માટેના ઉપકરણના ઘટકો અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?
6. પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષકોના પરિપ્રેક્ષ્યમાં શાળાકીય ગુણવત્તાના માપન માટેના ઉપકરણના પાસાં અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?
7. પ્રાથમિક શાળાના શિક્ષકોના પરિપ્રેક્ષ્યમાં શાળાકીય ગુણવત્તાના માપન માટેના ઉપકરણના પાસાં અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?

૪. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓના પરિપ્રેક્ષ્યમાં શાળાકીય ગુણવત્તાના માપન માટેના ઉપકરણના પાસાં અને તેનું સ્વરૂપ કેવું હોઈ શકે છે?

**૧.૪ સંશોધનની ઉત્કલ્પના :**

(૧) ઉચ્ચ અને નિમ્ન સંચાલકીય કૌશલો ધરાવતા મુખ્યશિક્ષકોનાં "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨) ઉચ્ચ અને નિમ્ન સંચાલકીય કૌશલો ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોએ મેળવેલ "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(3) ઉચ્ચ અને નિમ્ન સંચાલકીય કૌશલો ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના વાલીઓનાં "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૪) ઉચ્ચ અને નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૫) ઉચ્ચ અને નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૬) ઉચ્ચ અને નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના વાલીઓનાં "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૭) ઉચ્ચ અને નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૮) ઉચ્ચ અને નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોનાં "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૯) ઉચ્ચ અને નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના વાલીઓનાં "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૦) સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૧) સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૨) માતા અને પિતાના "શિક્ષણ ગુણવત્તા સંશોધની" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૩) શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૪) શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ " પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૫) શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં વાલીઓના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૬) ઉચ્ચ અને નિમ્ન અનુભવ ધરાવતા મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૭) ઉચ્ચ અને નિમ્ન અનુભવ ધરાવતા શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૮) ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૧૯) ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૦) ઉચ્ચ સંચાલકીય કૌશલો ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૧) નિમ્ન સંચાલકીય કૌશલો ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૨) ઉચ્ચ સંચાલકીય કૌશલો ધરાવતા મુખ્ય શિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૩) નિમ્ન સંચાલકીય કૌશલો ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૪) ઉચ્ચ કાર્યસંતોષ ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૫) નિમ્ન કાર્યસંતોષ ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્ય શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૭) ઉચ્ચ કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૬) નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૮) ઉચ્ચ તણાવ ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૨૯) નિમ્ન તણાવ ધરાવતા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ " પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૦) ઉચ્ચ તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૧) નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૨) સીધી ભરતી અને બઢતીથી નિમણૂંક પામેલા મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૩) સીધી ભરતીથી નિમણૂંક પામેલા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૪) બઢતીથી નિમણૂંક પામેલા સ્ત્રી અને પુરુષ મુખ્યશિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૫) સીધી ભરતીથી નિમણૂંક પામેલા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(૩૬) બઢતીથી નિમણૂંક પામેલા મુખ્યશિક્ષકોની શાળાના સ્ત્રી અને પુરુષ શિક્ષકોના "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ" પરના સરેરાશ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**૧.૫ અભ્યાસનું સીમાંકન** :

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓ અને તેમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ દરમ્યાન  કાર્યરત મુખ્યશિક્ષકો, શિક્ષકો, અને શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓ પૂરતો જ સીમિત હતો.

**૧.૬ અભ્યાસની મર્યાદા** :

1. પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અભ્યાસક દ્વારા નીચે પ્રમાણેના સ્વ-રચિત કુલ ૬ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરેક ઉપકરણની યથાર્થતા અને વિશ્વસનીયતા ચકાસવામાં આવી ન હતી. માત્ર શિક્ષણક્ષેત્ર સાથે સંબંધિત નિષ્ણાંત તજજ્ઞોના અભિપ્રાયો અને સૂચનાઓને આધારે તૈયાર કરવામાં આવ્યા હતાં.
2. પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્ય સરકાર અને પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા બાબતે શાળાની શૈક્ષણિક, ભૌતિક અને સહ અભ્યાસક પ્રવૃત્તિઓ વગેરે સંબંધિત પાસાંઓને આવરી લેવામાં આવ્યા હતાં.
3. આ પાસાંઓ ઉપરાંત શિક્ષણમાં સંપૂર્ણ વ્યવસ્થાપન (TQM) સંબંધિત અન્ય પાસાંઓ જેવા કે; શૈક્ષણિક આયોજન અને અમલીકરણ, નેતૃત્વમાં સર્વોપરિતા, સહ્ભાગીદારીતા, વર્ગ વ્યવહાર, સંસ્થાકીય ભાવાવરણ, આધુનિકીકરણનો સ્વીકાર, શાળાનું વિઝન અને મિશન, આરોગ્ય વિષયક સુવિધાઓ, શાળાનું શિક્ષણ કાર્ય અને મૂલ્યાંકન, શિક્ષણમાં નવવિચાર અને પ્રયોગશીલતા, શાળા વ્યવસ્થાપન અને સંચાલન વગેરે કેન્દ્રસ્થ રાખી સંશોધક દ્વારા મુખ્યશિક્ષક, શિક્ષક અને વાલી માટે શાળાની "શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલી" ની રચના કરવામાં આવી હતી.
4. પ્રસ્તુત સંશોધનમાં મુખ્યશિક્ષકનાં સંચાલકીય કૌશલો, કાર્યસંતોષ અને તણાવ સંબંધિત  સંશોધક દ્વારા સ્વ-રચિત ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આથી આ ઉપકરણની તમામ મર્યાદાઓ પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ બની હતી.

**૧.૭ અભ્યાસનું વ્યાપવિશ્વ** :

પ્રસ્તુત સંશોધનમાં  અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે સમગ્ર ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓ અને તેમાં કાર્યરત તમામ મુખ્યશિક્ષકો, શિક્ષકો અને શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં વાલીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, સમગ્ર ગુજરાત રાજ્ય પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ રાખવામા આવ્યું હતું.

**૧.૮ નમૂના પસંદગી** :

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓને કુલ પાંચ ઝોન સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત પ્રમાણે વિભાજિત કરી દરેક ઝોનમાંથી તેના જિલ્લાઓ મુજબ કુલ શાળાઓમાંથી ૨૧૧ શાળાઓ એમ કુલ પાંચ ઝોનમાંથી શાળાઓ અને તેમાં કાર્યરત ૧૦૫૫ મુખ્યશિક્ષકો, ૧૦૫૫ શિક્ષકો, અને આ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોનાં ૧૦૫૫ વાલીઓ આમ, સમગ્ર ગુજરાતમાંથી કુલ ૩૧૬૫ લોકોને સંભાવ્ય નમૂના પસંદગીની સ્તરીકૃત આકસ્મિક નમૂના પસંદગી પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્તરીકૃત યાદૃચ્છિક પ્રયુક્તિ પ્રમાણે શાળાઓ પસંદ કર્યા બાદ પ્રત્યેક શાળામાંથી યોજનાબદ્ધ રીતે નિયત સંખ્યામાં શિક્ષકો, આચાર્ય અને વાલીઓને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં હતાં.

આમ, પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વ્યાપવિશ્વમાંથી કુલ ૧૦૫૫ મુખ્યશિક્ષકો, ૧૦૫૫ શિક્ષકો, ૧૦૫૫ વાલીઓ એમ મળીને કુલ ૩૧૬૫ પાત્રોનો નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો.

**૧.૯ ઉપકરણની પસંદગી અને રચના :**

પ્રસ્તુત અભ્યાસમાં સરકારી પ્રાથમિક શાળાઓની શિક્ષણની ગુણવત્તા જાણવા માટે  સંશોધક દ્વારા રચિત  'શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ'નો ઉપરકણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધક દ્વારા આ 'શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ' મુખ્ય શિક્ષક, શિક્ષક, અને વાલીઓને ધ્યાનમાં રાખીને દરેક માટે અલગ અલગ બનાવવામાં આવી હતી. આ ત્રણેય ઉપકરણોને જ્યારે સંયુક્ત રીતે મૂલવવામાં આવે તેને પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર ગુણવત્તા તરીકે ગણવામાં આવી હતી.

પ્રાથમિક શાળાની શિક્ષણની ગુણવત્તા અને મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલો, વ્યાવસાયિક કાર્યસંતોષ તથા તણાવ વચ્ચેનો સંબંધ જાણવા માટે સંશોધકે સ્વરચિત "સંચાલકીય કૌશલ માપદંડ", "કાર્યસંતોષ માપદંડ" અને “તણાવ માપદંડ”નો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રત્યેક ઉપકરણ ત્રિબિંદુ (સંમત, અસંમત અને તટસ્થ) પ્રકારના ક્રમમાપદંડ અનુસાર વિધાનોની રચના કરવામાં આવી હતી.

આમ, પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે અભ્યાસક દ્વારા નીચે પ્રમાણેના સ્વ-રચિત કુલ ૬ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરેક ઉપકરણની યથાર્થતા અને વિશ્વસનીયતા ચકાસવામાં આવી ન હતી.

**સ્વ - રચિત ઉપકરણ** :

1. શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ (મુખ્ય શિક્ષક માટે)
2. શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ (શિક્ષક માટે)
3. શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ (વાલી માટે)

4. સંચાલકીય કૌશલ્ય માપદંડ (મુખ્યશિક્ષક માટે)
5. કાર્યસંતોષ અભિપ્રાયાવલિ (મુખ્ય શિક્ષક માટે)
6. તણાવ માપદંડ (મુખ્ય શિક્ષક માટે)

**૧.૧૦ સંશોધનપદ્ધતિ** :

પ્રસ્તુત અભ્યાસ સંશોધકે પ્રવર્તમાન સ્થિતિમાં ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમવાળી સરકારી પ્રાથમિક શાળાઓની શિક્ષણ ગુણવત્તાનો મુખ્ય શિક્ષકનાં સંચાલકીય કૌશલો, વ્યાવસાયિક કાર્યસંતોષ અને તણાવના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો. આ માટે સંશોધકે સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ નો ઉપયોગ કર્યો હતો.

**૧.૧૧ માહિતી એકત્રીકરણ** :

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા માહિતી એકત્રીકરણ માટે સ્વરચિત કુલ ૬ ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માટે પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષકો, શિક્ષકો, અને વાલીઓના પ્રતિચારો મેળવવા માટે દરેક ઉપકરણનાં ગૂગલ ફોર્મ અને તેની લિન્ક તૈયાર કરી વોટ્સએપ, ઈ-મેઈલ, એજ્યુકેશનલ બ્લોગ વગેરે સોશ્યલ મીડિયા દ્વારા સોફ્ટકૉપીમાં મોકલવામાં આવી હતી. ઉપરાંત, દરેક ઉપકરણની હાર્ડકોપી તૈયાર કરી દરેક જિલ્લાઓમાં રૂબરૂ, પોસ્ટ અને કુરિયર સેવાઓ દ્વારા તેમજ સંશોધકના સહકાર્યકરોની મદદ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**૧.૧૨ માહિતીનું પૃથક્કરણ** :

પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાનાં પાત્રો પાસેથી પ્રાપ્ત થયેલ માહિતીનાં પૃથક્કરણ અને અર્થઘટન માટે SPSS (Statistical Programme for Social Science) નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેના આધારે આવૃત્તિ વિતરણ પરથી સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂતતા અને ટી-ગુણોત્તરની ગણતરી કરી ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી હતી. માહિતીની સ્પષ્ટતા કરવા જરૂરી જણાય ત્યાં આલેખત્મક રજૂઆત કરવામાં આવી હતી.

**૧.૧૩ અભ્યાસનાં તારણો** :

૧ **મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલ્યો સંદર્ભે ફલિત થતાં તારણો** :

1. મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલ્યોની અસર તેમના શિક્ષણની ગુણવત્તા અંગેના અભિપ્રાયો પર જોવા મળતી નથી.
2. સંચાલકીય કૌશલ્યની કોઈ અસર શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાય પર જોવા મળતી નથી.
3. સંચાલકીય કૌશલ્યની કોઈ અસર વાલીઓનાં શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાય પર જોવા મળી ન હતી.

૨ **મુખ્યશિક્ષકોના કાર્યસંતોષ સંદર્ભે ફલિત થતાં તારણો** :

4. મુખ્યશિક્ષકના કાર્યસંતોષની અસર તેમના શિક્ષણની ગુણવત્તા અંગેના અભિપ્રાય પર જોવા મળતી નથી.

5. મુખ્યશિક્ષકોનો કાર્યસંતોષ શિક્ષકની શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાય પર અસર કરે છે, એટલે કે જે મુખ્ય શિક્ષકનો કાર્યસંતોષ ઊંચો હોય છે તેમની શાળાના શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાયો પણ સારા હોય છે.
6. મુખ્યશિક્ષકનો કાર્યસંતોષ તેમની શાળાના વિદ્યાર્થીઓના વાલીઓના શિક્ષણની ગુણવત્તા અંગેના અભિપ્રાયો પર અસર કરતો નથી.

૩ **મુખ્યશિક્ષકોના તણાવ સંદર્ભે ફલિત થતાં તારણો** :

7. મુખ્યશિક્ષકના તણાવની અસર તેમના  શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર જોવા મળી ન હતી.
8. મુખ્યશિક્ષકોના તણાવની અસર શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાય પર જોવા મળી ન હતી.
9. મુખ્યશિક્ષકના તણાવની અસર વાલીઓના શિક્ષણની ગુણવત્તા અંગેના અભિપ્રાય પર જોવા મળી ન હતી.

૪ **મુખ્યશિક્ષકો, શિક્ષકો અને વાલીઓની જાતિયતના સંદર્ભે ફલિત થતાં તારણો** :

10. શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ પર મુખ્યશિક્ષકોની જાતીયતાની અસર એકસમાન જોવા મળી હતી.
11. શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાય પર શિક્ષકોની જાતીયતાની અસર એકસમાન હતી.
12. શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર વાલીઓની જાતીયતાની અસર એકસમાન હતી.

૫ **મુખ્યશિક્ષકો, શિક્ષકો અને વાલીઓનાં વિસ્તારના સંદર્ભે ફલિત થતાં તારણો** :

13. મુખ્યશિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર વિસ્તારની અસર જોવા મળી હતી. એટલે કે, ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારની શાળાઓમાં કાર્ય કરતાં મુખ્ય શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાયો ઊંચા જોવા મળ્યા હતા.
14. શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર વિસ્તારની અસર જોવા મળતી નથી.
15. વાલીઓના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર વિસ્તારની અસર જોવા મળે છે. એટલે કે, ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારની શાળાઓનાં વાલીઓના શિક્ષણ ગુણવત્તા અંગેના અભિપ્રાયો ઊંચા જોવા મળ્યા હતા.

૬ **મુખ્યશિક્ષકો અને શિક્ષકોનાં અનુભવ સંદર્ભે ફલિત થતાં તારણો** :

16. મુખ્ય શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર અનુભવની અસર જોવા મળતી નથી.
17. શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર અનુભવની અસર જોવા મળતી નથી.

૭ **મુખ્યશિક્ષકો અને શિક્ષકોનાં શૈક્ષણિક લાયકાતનાં સંદર્ભે ફલિત થતાં તારણો** :

18. મુખ્યશિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર શૈક્ષણિક લાયકાતની અસર જોવા મળી હતી. જેમાં નિમ્ન શૈક્ષણિક લાયકાત કરતાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાની શિક્ષણ ગુણવત્તા ઊંચી જોવા મળી હતી.
19. શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાય પર શૈક્ષણિક લાયકાતની અસર જોવા મળી ન હતી.

૮ **મુખ્યશિક્ષકોના સંચાલકીય કૌશલ્યો અને જાતિયતાનાં સંદર્ભે ફલિત થતાં તારણો** :

20. ઉચ્ચ અને નિમ્ન સંચાલકીય કૌશલ્ય ધરાવતા મુખ્યશિક્ષકોનાં શિક્ષણની ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

21. ઉચ્ચ અને નિમ્ન સંચાલકીય કૌશલ્ય ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

**૯ મુખ્યશિક્ષકોના કાર્યસંતોષ અને જાતિયતાનાં સંદર્ભે ફલિત થતાં તારણો** :

22. ઉચ્ચ અને નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

23. ઉચ્ચ અને નિમ્ન કાર્યસંતોષ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

**૧૦ મુખ્યશિક્ષકોના તણાવ અને જાતિયતાનાં સંદર્ભે ફલિત થતાં તારણો** :

24. ઉચ્ચ અને નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોનાં શિક્ષણની ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

25. ઉચ્ચ અને નિમ્ન તણાવ ધરાવતા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોનાં શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળતી નથી.

**૧૧ મુખ્યશિક્ષકોની ભરતીનાં પ્રકારના સંદર્ભે ફલિત થતાં તારણો** :

26. મુખ્ય શિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર તેમના ભરતીનાં પ્રકારની અસર જોવા મળતી નથી.

27. સીધી ભરતી અને બઢતીથી નિમણૂક પામેલા મુખ્યશિક્ષકોના શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયો પર જાતિયતાની અસર જોવા મળી ન હતી.

28. સીધી ભરતીથી નિમણૂક પામેલા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોની શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ પર જાતિયતાની અસર જોવા મળી ન હતી.

29. બઢતીથી નિમણૂક પામેલા મુખ્યશિક્ષકોની શાળાના શિક્ષકોની શિક્ષણ ગુણવત્તા અભિપ્રાયાવલિ પર જાતિયતાની અસર જોવા મળી ન હતી.